મહીસાગરમાં જીબીએસના ભય વચ્ચે ફૂડ વિભાગ એક્શનમાં આવ્યું

# મહીસાગરની શાળાઓ, છાત્રાલયો અને હોટેલોમાં અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

**બાલાસિનોર,** વીરપુર, કડાણા અને લુણાવાડા પંથકમાં નિયમો ભંગ બદલ નોટિસો ફટકારાઈ






(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૧

મહીસાગરમાં જીબીએસના શંકાસ્પદ કેસો સામે આવ્યા બાદ તંત્ર ભારે હરકતમાં આવ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ફૂડ સેફ્ટી ટીમો દ્વારા બાલાસિનોર, વીરપુર, કડાણા અને લુણાવાડા પંથકમાં આવેલી શાળાઓ, છાત્રાલયો અને હોટેલોમાં આકસ્મિક તપાસ હાથ ધરીને અખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો તેમજ નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કાર્યવાહી કરવામાં આવી છે.

બાલાસિનોર અને વીરપુર તાલુકાના શૈક્ષણિક સંકુલોમાં સઘન ચેકિંગ કરાયું હતું. આ તપાસ દરમિયાન બાલાસિનોરની કન્યા છાત્રાલયમાંથી ૪ કિલોગ્રામ અખાદ્ય ગોળનો નાશ કરાયો હતો. રસોડા અને પીવા માટે કૂવાનું પાણી વપરાતું હોવાનું સામે આવતાં ત્વરિત પાણીનું લેબોરેટરી ટેસ્ટિંગ કરાવવા અને આરઓ સિસ્ટમ લગાવવાના કડક આદેશ અપાયા હતા. જ્યારે વિરપુરમાં સ્વામી વિવેકાનંદ શાળા ખાતેથી ૮ કિલોગ્રામ બિનઆરોગ્યપ્રદ ચણાનો નાશ કરી, ૪ જેટલા સેમ્પલ લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલાયા હતા. સ્વચ્છતાના માપદંડો ન જાળવવા બદલ ૨ છાત્રાલયોને સાફ-સફાઈની નોટિસ ફટકારાઈ હતી.

આ ઉપરાંત વડાદલાની હોટેલોની તપાસ દરમિયાન ‘હોટેલ સબરસ’માંથી ૯ કિલો અખાદ્ય મંચુરિયન અને ૪ કિલો વાસી રાઈસનો નાશ કરાયો હતો. નિયત માપદંડોના અભાવ બદલ હોટેલ આસોપાલવ અને હોટેલ સબરસને ઈમ્પ્રુવમેન્ટ નોટિસો પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત કડાણા તાલુકામાં ફૂડ સેફ્ટી વાન દ્વારા ૧૩ જેટલી દુકાનોનું ઓન-ધ-સ્પોટ ટેસ્ટિંગ કરી મુદતવીતી ૧૧ લીટર ખાદ્યતેલ તેમજ અખાદ્ય નમકીન અને ટૂટીફ્રૂટી પેકેટ્સ જપ્ત કરી નાશ કરાયો હતો.

## સરદાર પટેલ યુનિવર્સિટીમાં ‘વિદ્યાનગર અનુભૂતિ પ્રકરણ-૩’ અંતર્ગત પુસ્તકવાચન કાર્યક્રમ યોજાયો



વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના બુક ટોક ક્લબ અને રીડર્સ ક્લબ દ્વારા ઇતિહાસ વિભાગ ખાતે પુસ્તકવાચન અને વાંચનાનુભૂતિ અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કુલપતિ પ્રો. ડૉ. નિરંજનભાઈ પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી વાંચનથી આગળ વધીને જીવનદૃષ્ટિ વિકસાવે તેવું અર્થસભર સાહિત્ય વાંચવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત 57 અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને 6 અધ્યાપકોએ આશરે અડધો કલાક સુધી એકાગ્રતાપૂર્વક પુસ્તક વાંચન કર્યું હતું. વાંચન બાદ 7 વિદ્યાર્થીઓએ પોતાના વાંચનાનુભવોની અભિવ્યક્તિ કરી ‘આવો - બેસો - વાંચો - મનન - ચિંતન’ની ભાવનાને સાકાર કરી હતી.

# કપડવંજ ૧૦૮ની ટીમે રૂ. ૧.૬૦ લાખની કિંમતી અમાનત પરત કરી

**અકસ્માતમાં** ઘવાયેલા યુવકની ચાંદીની વસ્તુઓ, મોબાઈલ અને રોકડ સુરક્ષિત રાખી પરિવારને સોંપી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજના આલમપુરા પાસે બાઈક અને ગાય વચ્ચે થયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનનો સમયસર જીવ બચાવવાની સાથે કપડવંજ ૧૦૮ની ટીમે સારવાર દરમિયાન યુવક પાસે રહેલા ચાંદીના દાગીના, મોબાઈલ અને રોકડ સહિત રૂ. ૧.૬૦ લાખનો કિંમતી સામાન તેના પરિવારજનોને હેમખેમ પરત સોંપ્યો છે.

કપડવંજ તાલુકાના આલમપુરા નજીક ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પાસે બાઈક સાથે ગાય અથડાતા ૨૫ વર્ષીય યુવાન ગંભીર અકસ્માતનો ભોગ બન્યો હતો. આ અકસ્માતની ગંભીરતાને જોતા સ્થાનિકો દ્વારા જાણ કરાતા કપડવંજ ૧૦૮ની ટીમના ઈએમટી દિલીપભાઈ પરમાર અને પાયલોટ રમેશભાઈ શર્મા તાત્કાલિક એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ ઘટનાસ્થળે યુવાન અર્ધબેભાન અને ગંભીર હાલતમાં હતો તથા તેની સાથે કોઈ પરિવારજન હાજર નહોતું.

જોકે, ૧૦૮ની ટીમે સમય ગુમાવ્યા વિના દર્દીને તાત્કાલિક એમ્બ્યુલન્સમાં લીધો હતો અને ઈઆરસીપી ડોક્ટર અજયભાઈની તબીબી સલાહ મુજબ જરૂરી પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સામુહિક આરોગ્ય કેન્દ્ર કપડવંજ ખાતે દાખલ કર્યો હતો.

આ ઉપરાંત યુવાન ભાનમાં ન હોવાથી તેની સુરક્ષાની જવાબદારી સમજી ૧૦૮ના કર્મચારીઓએ તેની તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન તેની પાસેથી ચાંદીના કડા, ચાંદીના કાબિયા, એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને રૂ. ૧,૮૨૦ રોકડા મળી આવ્યા હતા, જેની કુલ બજાર કિંમત અંદાજે રૂ. ૧.૬૦ લાખ જેટલી થતી હતી. જે થોડા સમય બાદ જ્યારે દર્દીના ચિંતિત પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા, ત્યારે ૧૦૮ના કર્મચારીઓએ આ તમામ સામાન દર્દીની માતા વિમળાબેન ભલાભાઈ રાઠોડને પુરા વિશ્વાસ સાથે પરત સોંપી દીધો હતો.

# ગંભીરા કુમાર શાળા પાસે સ્પીડ બ્રેકર મૂકવા માંગ

**શાળાની** આસપાસ પૂરઝડપે દોડતા વાહનોથી અકસ્માત સર્જાવાની ભીતિ

(પ્રતિનિધિ)આંકલાવ, તા.૨૧

આંકલાવ તાલુકાના ગંભીર ગામમાં આવેલી કુમાર શાળા નજીકથી પસાર થતા માર્ગ ઉપર સ્પીડ બ્રેકર મૂકવા માટે સ્થાનિકો દ્વારા તાલુકા વિકાસ અધિકારી આંકલાવ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. શાળાની આસપાસ વિદ્યાર્થીઓની સતત અવરજવર રહેતી હોવાથી વાહનોની ઝડપ પર નિયંત્રણ સાથે બાળકોની સલામતી માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

સ્થાનિકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ ગંભીરા ગામની કુમાર શાળા નજીકથી દિવસ દરમિયાન મોટી સંખ્યામાં નાના-મોટા વાહનોની સતત અવરજવર રહે છે. શાળાના સમય દરમિયાન મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શાળાએ આવતા-જતા હોય છે તેમજ રસ્તો પસાર કરતા હોય છે. આવા સમયે માર્ગ ઉપરથી પસાર થતા વાહનો પૂરઝડપે દોડતા હોવાથી વિદ્યાર્થી માટે અકસ્માતની દહેશત રહે છે.

ખાસ કરીને શાળા છૂટવાના તેમજ શરૂ થવાના સમયે વિદ્યાર્થીઓની અવરજવર વધી જતી હોવાથી વાહનોની ઝડપ પર નિયંત્રણ જરૂરી બન્યું છે. શાળાની આસપાસ બાળકોની સલામતી માટે માર્ગ ઉપર યોગ્ય સ્થળે સ્પીડ બ્રેકર બનાવવામાં આવે જેથી વાહનચાલકોની ઝડપમાં ઘટાડો થઈ શકે અને અકસ્માતની સંભાવના પણ ઘટાડી શકાય તેમ સ્થાનિકોએ જણાવ્યું છે.

ખાતેદારોની ખોટી સહીઓ કરી બોગસ વાઉચર દ્વારા કૌભાંડ આચર્યું

# ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ૫.૩૩ લાખની ઉચાપત

**બેંકની** ઓડિટ તપાસમાં સમગ્ર ગેરરીતિનો પર્દાફાશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના એક કર્મચારીએ છીપડી અને લસુંદ્રા શાખામાં ફરજ દરમિયાન ખાતેદારોની ખોટી સહીઓ અને બોગસ વાઉચર બનાવી કુલ રૂપિયા ૫.૩૩ લાખની હંગામી ઉચાપત કરી હોવાની ગંભીર ઘટના સામે આવી છે . આ અંગે કેશિયર સામે કઠલાલ પોલીસમાં ગુનો નોંધાયો હતો.

કઠલાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી બેંક કર્મચારી મિતેષ પટેલે છીપડી અને લસુંદ્રા શાખામાં કલાર્ક તેમજ કેશિયર તરીકે ફરજ બજાવતી વખતે આ નાણાકીય ગેરરીતિ આચરી છે. આ આરોપી અગાઉ જ્યારે હલદરવાસ શાખામાં કેશિયર હતો, ત્યારે પણ રોકડની ઉઠાંતરી કરવા બદલ તેને સસ્પેન્ડ (ફરજ મોકૂફ) કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ ઉચ્ચ અધિકારીઓના આદેશથી તેણે અગાઉ ફરજ બજાવી હોય તેવી તમામ શાખાઓમાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ અંગે તપાસમાં બહાર આવ્યું છે કે મિતેષ પટેલે બેંક મેનેજરની ગેરહાજરીમાં પોતાના યુઝર આઈડી નંબરનો દુરુપયોગ કર્યો હતો. તેણે ખાતેદારોના લુઝ ફોર્મ ભરી, તેમાં ખાતેદારોની જ ખોટી સહીઓ કરી બનાવટી વાઉચરો તૈયાર કર્યા હતા. બાદમાં આ રકમ સીધી પોતાના બચત ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી અથવા તો રોકડા ઉપાડી અંગત કામમાં વાપરી નાખી ખાતેદારો સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

આમ, બંને શાખાઓ મળીને કુલ રૂપિયા ૫.૩૩ લાખની હંગામી ઉચાપત કર્યા બાદ, ગુનો પકડાઈ જવાની બીકે મિતેષે આ તમામ રકમ જે તે ખાતેદારોના ખાતામાં પરત જમા કરાવી દીધી હતી. તેમ છતાં, બેંક દ્વારા સત્તાવાર ફરિયાદ નોંધાવાતા કઠલાલ પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આર. કે. પરીખ કોલેજમાં ‘નશા મુક્ત ભારત અભિયાન’ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું

**પેટલાદ |** પેટલાદની આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ અને બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ડૉ. કલ્પેશ અંજારિયાના માર્ગદર્શન હેઠળ વિશેષ



કાર્યક્રમ યોજાયો હતો. આ આયોજનનો મુખ્ય હેતુ યુવાધનને નશાની લતથી દૂર રાખીને નશામુક્ત ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા મેઘનાબહેને વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહેવા આહ્વાન કર્યું હતું, જ્યારે શોભનાબહેને સૌને નશામુક્તિ માટેની શપથ લેવડાવી હતી. પ્રો. કલ્પેશ ત્રિવેદીના સંકલન તથા ડૉ. અલ્પેશ પ્રજાપતિના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા સત્યનારાયણ દેવની કથા યોજાઈ



**આણંદ |** પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ફોરમના પ્રમુખ ચીમનભાઈ એ. પટેલના અધ્યક્ષ સ્થાને આ ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી શંભુભાઈ જોષીએ વિધિ કરાવી હતી અને ડૉ. શરદભાઈ પટેલ સહિતના અન્ય મહાનુભાવોએ કથાની શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના તથા આરતી કરી હતી. આ પ્રસંગે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિની માહિતી આપવાની સાથે આગામી સમયના સેવાકીય કાર્યક્રમો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. દિનેશભાઈ અને ઇન્દિરાબેન પટેલ ભોજનના પ્રાયોજક રહ્યા હતા, આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભાનુભાઈ પટેલે કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના રાસનોલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે બાળકોને પ્રોત્સાહિત કરાયા

**આણંદ |** રાસનોલ ગ્રામ પંચાયત તથા પ્રાથમિક કુમાર શાળા દ્વારા ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



હતી. આ પ્રસંગે સરપંચ શંકરભાઈ મગનભાઈ પરમાર, આણંદ તાલુકા મંત્રી બાબુભાઇ પરમાર અને તાલુકા પંચાયત સભ્ય વિશાલભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. રાસનોલ ગ્રામ પંચાયત તરફથી રાસનોલ અને રામપુરા પ્રાથમિક શાળા તેમજ આંગણવાડીના બાળકોને પ્રોત્સાહનરૂપે બિસ્કિટનું વિતરણ કરાયું હતું. આ સાથે જ, ઉર્જા સ્ત્રોત પ્રાઇવેટ લિમિટેડ બેડવા અને ઉર્જા મુનિ ફાઉન્ડેશન તરફથી વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન દ્વારા ફિલ્મી ગીત સ્પર્ધા યોજવામાં આવી

**આણંદ |** આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન દ્વારા ડી.એન. હાઇસ્કુલ ખાતે ‘ગાતા રહે મેરા દિલ’ સંગીતમય ફિલ્મી ગીત સ્પર્ધા યોજાઇ હતી, જેમાં વિવિધ ગામોના ૩૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર



ભાગ લીધો હતો. આ સ્પર્ધાના મહિલા વિભાગમાં કરમસદના હર્ષાબેન શાહ પ્રથમ, ઉમરેઠના રુપલબેન શાહ દ્વિતીય અને ઉમરેઠના જ રાજશ્રીબેન તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે પુરુષ વિભાગમાં જી. એન. ભાવસાર પ્રથમ, ચંદ્રકાંત ઠક્કર દ્વિતીય અને કરમસદના અશોકભાઇ કાછીયા ત્રીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે દંત ચિકિત્સક ડૉ. રવિ ગાંધી અને લાયોનેસ ક્લબના પ્રમુખ પ્રેમિલાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા ફેડરેશનના પ્રમુખ હરીશભાઇ કારીયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું.

### નડિયાદ જિલ્લા ન્યાયાલય ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અને કાનૂની જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**નડિયાદ |** મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના માર્ગદર્શન હેઠળ નડિયાદ કોર્ટ પરિસરમાં ધ્વજવંદન કરી સરદાર વલ્લભભાઈ



પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત સંત અન્ના હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ માટે વિશેષ કાનૂની જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૂલ ટાઈમ સેક્રેટરી જે. જે. જાદવે વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ-હેલ્પલાઈન અને સરકારી વકીલ યોગીબેન બારોટે પોક્સો એક્ટની જોગવાઈઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે ન્યાયાધીશ, બાર એસોસિએશન પ્રમુખ કિરીટભાઈ બારોટ, સરકારી વકીલો, કોર્ટ સ્ટાફ વિગેરે હાજર રહ્યા હતા.

### વિઠ્ઠલ ઉદ્યોગનગરની આઈડીએમસી કંપનીમાં ફાયર સેફ્ટી અને અવેરનેસ ટ્રેનિંગ યોજાઈ

**આણંદ |** કરમસદ - આણંદ ફાયર બ્રિગેડ દ્વારા વિઠ્ઠલ ઉદ્યોગનગર GIDC સ્થિત IDMC લિમિટેડ યુનિટ-૨ માં ફાયર અવેરનેસ ટ્રેનિંગનું



આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની આગેવાની હેઠળની ફાયર ટીમ દ્વારા કંપનીના અંદાજે ૧૫૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને વિશેષ તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ, ફાયર અગ્નિશામક યંત્રનો ઉપયોગ, રેસ્ક્યુ કામગીરી અને બિલ્ડિંગની ફિક્સ ફાયર સિસ્ટમ અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

### નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતી નિમિત્તે ફ્રુટ વિતરણ ને વૃક્ષારોપણ યોજાયું

**નડિયાદ |** ખેડા જિલ્લા કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ દ્વારા નડિયાદની સિવિલ હોસ્પિટલ ખાતે દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની



૮૨મી જન્મજયંતીની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સિવિલ હોસ્પિટલના ગાર્ડનમાં વૃક્ષારોપણનો રચનાત્મક કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના સારા સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે કોંગ્રેસ દ્વારા તેમને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા અને નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડામાં નીલકંઠ મહાદેવ મંદિર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં અન્નક્ષેત્ર સેવાનો પ્રારંભ કરાયો



**ખેડા |** ખેડા-મહેમદાવાદ રોડ પર સ્થિત ઐતિહાસિક નીલકંઠ મહાદેવ મંદિરના મહંત કનૈયાનંદ મહારાજની પ્રેરણા અને દાતાઓના સહયોગથી જરૂરિયાતમંદો માટે ‘શ્રી નીલકંઠ પ્રસાદમ’ અન્નક્ષેત્ર સેવા શરૂ કરવામાં આવી છે. ખેડાના સ્વ. અનસૂયાબેન રમણીકલાલ સોનીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી શ્રાવણ માસમાં શરૂ થતી આ ભોજન સેવાનો સૌપ્રથમ લાભ લેવામાં આવ્યો હતો. ખેડા ટાઉનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.એન. સોલંકીના હસ્તે આ સેવાનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે મહારાણા પ્રતાપ સર્કલ પાસે શરૂ કરાયેલી આ પવિત્ર પ્રસાદ વ્યવસ્થા હવેથી દર ગુરુવારે દાતાઓના સહયોગથી જરૂરિયાતમંદ લોકો માટે ચાલુ રહેશે.

### ખેડા એસપી વિજય પટેલનું ‘બેસ્ટ પોલીસ ચીફ’ તરીકે પસંદગી બદલ સરદાર સેવા સંગઠન દ્વારા સન્માન

**નડિયાદ |** સરદાર સેવા સંગઠન નડિયાદ દ્વારા ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલને Frame India And Post India ના સર્વેમાં



“બેસ્ટ પોલીસ ચીફ” તરીકે પસંદગી મેળવવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વિશેષ પ્રસંગે સંગઠનના હોદ્દેદારો દ્વારા પોલીસ વડાને પુષ્પગુચ્છ અર્પણ કરીને ઉજ્જવળ સિદ્ધિ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંગઠનના પ્રમુખ બિપીનભાઈ પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ જોશી અને સલાહકાર ભાસ્કરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સંગઠનના સેક્રેટરી અમિત સોની અને પાર્થભાઈ પ્રજાપતિ પણ એસપીના સન્માન પ્રસંગે હાજર રહ્યા હતા.

### કપડવંજ કોલેજમાં એનએસએસ અભિમુખતા કાર્યક્રમમાં ચરિત્ર ઘડતર દ્વારા રાષ્ટ્રનિર્માણ પર ભાર મુકાયો

**કપડવંજ |** કપડવંજની શાહ કે. એસ. આર્ટસ અને વી. એમ. પારેખ કોમર્સ કોલેજમાં નૂતન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે એન.એસ.



એસ. યુનિટ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને મુખ્ય વક્તા ડૉ. પરેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની સ્થાપના, ધ્યેય અને કેમ્પની સમજ આપી, સ્વામી વિવેકાનંદનું ઉદાહરણ આપી રાષ્ટ્ર સેવા માટે તત્પર રહેવા આહવાન કર્યું હતું. પ્રોગ્રામ ઓફિસર ડૉ. અરવિંદગિરી અપારનાથીના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અધ્યાપકો દ્વારા કરવામાં આવી હતી.

### સુણદા હાઈસ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને દેશભક્તિભેર ઉજવણી કરાઇ

**કપડવંજ |** સુણદા હાઈસ્કૂલ ખાતે તિરંગા યાત્રા અને વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના જગાડી



વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકો અને બોર્ડની પરીક્ષામાં કેન્દ્રમાં પ્રથમ-દ્વિતીય આવનાર તેજસ્વી તારલાઓનું શ્રીમદ્ ભગવદ્ ગીતા અર્પણ કરી સન્માન કરાયું. શિષ્યવૃત્તિ ક્ષેત્રે ₹૩.૮૧ લાખનું યોગદાન અપાવનાર શૈલેષભાઈ સોલંકીનું સન્માન થયું અને સૌએ ‘નશામુક્ત ભારત’ના નિર્માણની પ્રતિજ્ઞા લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમ દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને સામાજિક જવાબદારીના ઉમદા સંદેશ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.